વિદ્યા સહાયક / પ્રાથમિક
શિક્ષક /ઉચ્ચ પ્રાથમિક
શિક્ષકના બદલીના નિયમો.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્ર:પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૨/૦૬/૨૦૨૩

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/ ૬૨૧૦૬૫ /ક(ભાગ-૧)

(૨) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,ગાંધીનગરનો તા.૩૧/૦૫/૨૦૨૩ નો પત્ર ક્રઃપ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૩/૩૭૭૪

આમુખઃ-

આ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ-(૧) મુજબના ઠરાવથી ગુજરાત રાજ્યની જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓમાં કામ કરતા વિધાસહાયકો/પ્રાથમિક શિક્ષકો/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/મુખ્ય શિક્ષકો માટે બદલીના નવા નિયમો જાહેર કરવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઇઓ બાબતે વિભાગને મળેલ વિવિધ રજૂઆતો ધ્યાને લઇ પુખ્ત વિચારણાના અંતે ઉકત ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

સુધારા ઠરાવ:

| ક્રમ | ઠરાવનું પ્રકરણ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ/નવી જોગવાઇ |
|---|---|---|---|
| ૧. | પ્રકરણ-H(અ)(૪) વધ-ઘટ બદલી | વધ-ઘટ બદલી માટે વધ નકકી કરવામાં તથા વધ શિક્ષકને ખાલી જગ્યાઓ પર મૂકવાના તમામ કિસ્સાઓમાં જે તે વિભાગ/વિષયની જ સ્પષ્ટ વધ નકકી કરવાની રહેશે અને જે તે | વધ-ઘટ બદલી માટે વધ નકકી કરવામાં તથા વધ શિક્ષકને ખાલી જગ્યાઓ પર મૂકવાના તમામ કિસ્સાઓમાં જે તે વિભાગ/વિષયની જ સ્પષ્ટ વધ નકકી કરવાની રહેશે અને જે તે વિભાગ/ વિષયની સ્પષ્ટ ખાલી જગ્યા પર જ વધ સરભર કરવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | | વિભાગ/વિષયની સ્પષ્ટ ખાલી જગ્યા પર જ વધ સરભર કરવાની રહેશે.<br>વધ બદલી કેમ્પના હુકમ પછીના ૫(પાંચ) વધ-ઘટ કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિદ્યાસહાયક/ શિક્ષકને પોતાના વિભાગ/ વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર મૂળ શાળામાં તેઓ પોતે જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે. જો મૂળ શાળામાં પરત જવાની તકનો અસ્વીકાર કરે તો મૂળ શાળા પરતનો લાભ ફરી ક્યારેય આપી શકાશે નહી. ત્યાર બાદ જ વધ-ઘટ કેમ્પની અન્ય કાર્યવાહી શરૂ કરવાની રહેશે. | વધ-ઘટ બદલી કેમ્પના હુકમ પછીના વધ-ઘટ કેમ્પ તથા જિલ્લા આંતરિક માંગણી બદલી કેમ્પ સહિત કૂલ-૫(પાંચ) કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિદ્યાસહાયક/ શિક્ષકને પોતાના વિભાગ/ વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર મૂળ શાળામાં તેઓ પોતે જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે. જો મૂળ શાળામાં પરત જવાની તકનો અસ્વીકાર કરે તો મૂળ શાળા પરતનો લાભ ફરી ક્યારેય આપી શકાશે નહી. ત્યાર બાદ જ વધ-ઘટ કેમ્પની અન્ય કાર્યવાહી શરૂ કરવાની રહેશે. |
| ૨. | પ્રકરણઃ-K<br>જિલ્લા આંતરિક માગણી બદલી | - | પ્રકરણ-K(૧)(બ)<br>વધ બદલી કેમ્પના હુકમ પછીના વધ-ઘટ કેમ્પ તથા જિલ્લા આંતરિક માંગણી બદલી કેમ્પ સહિત કુલ-૫(પાંચ) કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિધાસહાયક/ શિક્ષકને જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં પોતાના વિભાગ/ વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર જો તેઓ જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે. |

૨. આ સુધારેલ ઠરાવની જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેના અમલીકરણ માટે સત્વરે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપી શકશે.

૩. આ વિભાગના તા.૧૧-૦૫-૨૦૨૩ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૦૧.૦૬.૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ } નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગર પાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત } નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર(ઠરાવ ઓન લાઇન મુકવા સારૂ)
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૩
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૩